ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજથી જિલ્લામાં દ્વિદિવસીય શાળા પ્રવેશોત્સવ

**ધો. ૧ માં ૧૧૮૦ બાળકો; બાલવાટિકામાં ૧૧,૩૪૫ બાળકો તથા આંગણવાડીમાં ૨૩૬૯ બાળકોને પ્રવેશ કરાવવામાં આવશે : શાળા પ્રવેશોત્સવમાં પાંચ આઈપીએસ અધિકારીઓ અને એક સનદી અધિકારી જોડાશે : ૫૪ રૂટ નિયત કરાયા : મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી પણ જિલ્લામાં પ્રવેશોત્સવમાં જોડાશે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજથી બે દિવસીય શાળા પ્રવેશોત્સવનો આરંભ થઈ રહ્યો છે. આ પ્રવેશોત્સવના કાર્યક્રમ માટે તંત્રએ ૫૪ રૂટ બનાવ્યા છે. આ કાર્યક્રમમાં પાંચ આઈપીએસ અધિકારીઓ અને એક સનદી અધિકારી જોડાવાના હોવા ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ પણ જોડાવાના છે. બિપરજોય વાવાઝોડાને લઈ રાજ્યના મુખ્યમંત્રી ગાંધીનગરમાં જ રહી સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખવાના હોવાથી તેઓ ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવમાં જોડાવાના હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે.

બીજી તરફ શાળા પ્રવેશોત્સવને લઈ ત્રણ દિવસને બદલે હવે બે દિવસનો કરવાની જાહેરાત રાજ્ય સરકારે કરી છે. આજે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં પણ આ અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લામાં ૮ શાળાઓમાં



શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યો દ્વારા બાળકોને પ્રવેશ આપવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે. જિલ્લામાં ચારેય તાલુકામાં દહેગામ ખાતે ૧૯ રૂટ, કલોલમાં ૧૨ રૂટ, માણસામાં ૭ રૂટ અને ગાંધીનગરમાં ૧૬ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

શાળા પ્રવેશોત્સવના આ કાર્યક્રમમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યો પણ જોડાવાના છે. તંત્ર દ્વારા આજે આ અંગેના રૂટોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રવેશોત્સવ માટેના જે રૂટ નિયત કરાયા છે તે ગામોની વસ્તી તેમજ સાક્ષરતા દરના પ્રમાણને ધ્યાને રાખી નિયત કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

નવી શિક્ષણ નીતિનો અમલ આ વર્ષથી અમલી થઈ રહ્યો હોવાથી જિલ્લામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ઘટીને ૧૧૮૦ થઈ છે. આ પ્રવેશપાત્ર બાળકોમાં ૧૯ જેટલા બાળકો વિકલાંગ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં સુશ્રી અર્ચના શિવહરે (આઈપીએસ), ગેહલોત (આઈપીએસ), આર. બ્રહ્મભટ્ટ (આઈપીએસ), અભય ચુડાસમા (આઈપીએસ), નિપુણા તોરવણે (આઈપીએસ) તેમજ જે.પી. ગુપ્તા (આઈએએસ) જોડાશે. આ ઉચ્ચ અધિકારીઓના રૂટ નિયત કરી દેવામાં આવ્યા છે.

આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ આજે પ્રાંતિયા, આલમપુર અને લેકાવાડા ખાતે શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપી બાળકોને પ્રવેશ કરાવશે. આ શાળાઓએ ગુણોત્સવમાં બી ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

સરકારે આજે આપેલ સૂચના મુજબ હવે ત્રણેય શાળાઓમાં પ્રવેશ સંપન્ન થયા પછી બ્લોક લેવલની સમીક્ષા કરવામાં આવશે. જેમાં શિક્ષણનું સ્તર, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિશેષ અભિયાન, ગુણોત્સવ સહિતના બધા પાસાઓની ચકાસણી અને સમીક્ષા કરવામાં આવનાર છે.

જિલ્લામાં નવી શિક્ષણનીતિ અંતર્ગત બાલવાટિકા એક અને બે એમ શરૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ત્રણથી પાંચ વર્ષની આયુ ધરાવતા બાળકોને આંગણવાડી કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવનાર છે.

જિલ્લામાં બાલવાટિકામાં ૮૯૭૬ બાળકો પ્રવેશપાત્ર મળ્યા છે. જેમાં ૪૫૦૮ કુમાર અને ૪૪૬૮ કન્યા પ્રવેશપાત્ર છે. જ્યારે આંગણવાડી કેન્દ્રમાં ૧૨૪૮ કુમાર અને ૧૧૨૧ કન્યા એમ મળી કુલ ૨૩૬૯ બાળકોને પ્રવેશ આપવામાં આવશે. જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમને લઈ શૈક્ષણિક જગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા પણ પ્રવેશોત્સવને લઈ તડામાર તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે.

# વાવાઝોડું ગુજરાત તરફ ફંટાતા મુખ્યમંત્રીએ બેઠક બોલાવી

**મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી જિલ્લાઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજી સ્થિતિનો જાયજો મેળવ્યો : વાવાઝોડાની સંભવિત આપદા સામે દરિયાકાંઠાના જિલ્લાઓ સંપૂર્ણ સજ્જ**




ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓ ઉપર તોળાઈ રહેલી બિપરજોય વાવાઝોડાની સંભવિત વ્યાપકતા અને અસરો સામે જિલ્લાતંત્રોની આપત્તિ વ્યવસ્થાપન સજ્જતાનો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જીણવટપૂર્વક જાયજો મેળવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી વીડિયો કોન્ફરન્સ યોજીને દરિયાઈ વિસ્તારના જિલ્લાઓના કલેકટરો પાસેથી તેમના જિલ્લામાં કરાયેલા આપત્તિ વ્યવસ્થાપન આયોજનની વિગતો જાણી હતી.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે લોકોને ઓછામાં ઓછી અગવડ પડે તેમજ સલામતી જળવાઈ રહે તે રીતે આપત્તિ વ્યવસ્થાપન માટેના દિશા-નિર્દેશો આપ્યા હતા.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લાના કાંઠા વિસ્તારના નીચાણવાળા ગામોમાં વસતા લોકોનું જરૂર જણાયે સલામત સ્થળે સ્થળાંતર અવશ્ય થઈ જાય તે જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૧ પાકોમાં રાજ્ય કરતાં જિલ્લાના ખેડૂતોએ હેક્ટર દીઠ વધુ ઉત્પાદન મેળવ્યુ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના અન્ય જિલ્લાઓની તુલનામાં નાના ગણાતા ગાંધીનગર જિલ્લાએ ૨૦૧૮ થી ૨૦૨૧ના ત્રણ વર્ષના ગાળામાં કૃષિક્ષેત્રે ૧૧ જેટલા પાકોમાં રાજ્યની હેક્ટર દીઠ ઉત્પાદકતા કરતાં વધુ હેક્ટર દીઠ ઉત્પાદકતા નોંધાવી રાજ્યમાં મોખરાનું સ્થાન કૃષિ ઉત્પાદનમાં મેળવ્યુ છે.

તાજેતરમાં રાજ્યના કૃષિ વિભાગે ત્રણ વર્ષના વિવિધ પાકોના હેક્ટર દીઠ ઉત્પાદન જે નોંધાયુ તેના સત્તાવાર આંકડા પ્રસિદ્ધ કર્યા છે તેમાં આ હકીકત બહાર આવવા પામી છે.

ગાંધીનગર જિલ્લાનો ખેડૂત પ્રયોગશીલ અને મહેનતુ ગણવામાં આવે છે. તેણે નવીન કૃષિ પદ્ધતિઓના અમલીકરણ સાથે કૃષિપાકોનું વાવેતર કર્યુ અને જે પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયા છે તેનાથી સમગ્ર ખેડૂતજગતમાં અને તંત્રમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ડ્રીપ સ્પ્રીન્કલર પદ્ધતિ થકી પાણીના કરકસરપૂર્વક ઉપયોગની સાથે વધુ ઉત્પાદન તેમજ નવીન જાતોનું વાવેતર કરવામાં જિલ્લાના ખેડૂતો અગ્રેસર રહ્યા છે.

જે પાકોમાં રાજ્યની સરેરાશ ઉત્પાદકતા કરતાં વધુ ઉત્પાદકતા મેળવી છે તેમાં ખરીફ બાજરી, મગ, ખરીફ મગફળી, દિવેલા, કપાસ, ઘઉં, રવિ તમાકુ, બટાટા, ખરીફ અડદ, ઉનાળુ બાજરીના પાકોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ વખતે ખરીફ મોસમ દરમ્યાન ખેડૂતો નવા પ્રયોગથી દૂર રહે તેવી સંભાવનાઓ વચ્ચે નવીન જાતોનું વાવેતર વિવિધ પાકમાં કરે તેવી સંભાવનાઓ જરૂર હોવાનું ખેડૂતો સાથેની ચર્ચા દરમ્યાન જોવા મળ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ખરીફ વાવેતરનો આરંભ

**પરંપરાગત ખેતીને અગ્રતા : જિલ્લામાં ૯૪૦૦ હેક્ટરમાં ખરીફ વાવેતર થયુ : ૫૪૦૦ હેક્ટરમાં કપાસનું તો ૧૫૦૦ હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાકોના વાવેતરનો આરંભ થઈ ગયો છે. હાલ સતત બદલાઈ રહેલા હવામાનને ધ્યાને રાખી ખેડૂતોએ પરંપરાગત ખેતીને અગ્રતા આપી અને કપાસ, મગફળીના વાવેતરનો આરંભ કરી દીધો છે. શાકભાજીના પાકોનું પણ વાવેતર જિલ્લામાં આ વખતે સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ખરીફ વાવેતર સામાન્યતઃ ૧ લાખ ૬૪ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં નોંધાતુ રહ્યુ છે. મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં જિલ્લામાં ૯૪૦૦ હેક્ટરમાં ખરીફ પાકોની વાવણી થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યારે સૌથી વધુ વાવેતર કપાસના પાકનું નોંધાયુ છે જે ૫૪૦૦ હેક્ટર જેટલુ છે. શાકભાજીના પાકોનું વાવેતર ૧૫૦૦ હેક્ટર, મગફળીનું વાવેતર ૨૧૭ હેક્ટરમાં, મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૨૨૦૦ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં દહેગામમાં ૪૮૧૪ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૬૧૯ હેક્ટરમાં, કલોલમાં ૧૫૦૦ હેક્ટરમાં તથા માણસામાં ૧૪૩૦ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોની વાવણીનું કામ સંપન્ન થઈ ચુક્યુ છે. હાલ પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો દ્વારા કપાસનું વાવેતર વધુ થઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં કપાસનું વાવેતર ૨૫૦૦ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૧૧૦૦ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૨૦૦ હેક્ટરમાં તેમજ મગફળીનું વાવેતર ૭૪ હેક્ટરમાં નોંધાયુ છે.

ગાંધીનગર તાલુકામાં કપાસનું વાવેતર ૮૩૮ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૧૪૩ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૧૨ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૫૦૦ હેક્ટરમાં થયુ છે.

કલોલમાં ૭૩૬ હેક્ટરમાં કપાસ, ૬૦૦ હેક્ટરમાં ઘાસચારો, ૯૭ હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર તો માણસામાં કપાસનું વાવેતર ૧૨૩૬ હેક્ટરમાં અને શાકભાજીના પાકોનું વાવેતર પણ નોંધાયુ છે.

જિલ્લામાં ચોમાસુ સારૂ રહેવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. આ વખતે ચોમાસુ તેના નિયત સમયે જ આવશે તેવી આશા વ્યક્ત કરતાં ખેડૂતોએ જણાવ્યુ છે કે મગફળી, કપાસ અને શાકભાજીના પાકોનું વાવેતર આ વખતે વધશે.

# શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોના અસ્તિત્વ સામે ખતરો

**મેટ્રો રેલ સહિતના પ્રોજેક્ટને અનુલક્ષી વિવિધ ૬ સર્કલોની ડિઝાઇનમાં પણ બદલાવ આવે તેવી સંભાવના**



ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ નું કામ ચાલી રહ્યું છે ત્યારે નગરના મુખ્ય માર્ગો પર સર્કલો ની ડીઝાઈનમાં પણ આગામી દિવસોમાં ફેરફાર જોવા મળશે તેવી સંભાવના છે જો કે નગરની ઓળખ સમાન ચાર મુખ્ય છ સર્કલ મેટ્રો ટ્રેનના એલીવેટેડ રૂટમાં આવતા હોવાથી સર્કલોની યથા સ્થિતિ જાળવી રાખવા માર્ગ અને મકાન વિભાગે જણાવ્યું છે. જો કે ટ્રાફિક સીનારિયો તેમજ રોડ સેફટી ને ધ્યાનમાં રાખી ડિઝાઈનમાં બદલાવ અંગે પણ નિર્ણય લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે જો કે છેલ્લા ઘણા સમયથી સર્કલો ની જાળવણી પણ થતી નથી ત્યારે દોઢ દાયકા પૂર્વે વિવિધ થીમ પર વિકસાવવામાં આવેલા સર્કલોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે

દાયકાઓ બાદ શહેરનું રોડ નેટવર્ક પણ બદલાઈ રહ્યું છે . અગાઉ પાટનગરમાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ વિચારણા હેઠળ હતો જ્યારે વિધાનસભાની સમિતિ દ્વારા પણ તેની નોંધ કરવામાં આવી હતી. જો કે ત્રણ દાયકા બાદ આ દિશામાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. જોકે અમદાવાદમાં મેટ્રો ટ્રેનની સુવિધા સાથે જ ગાંધીનગરનો પણ તેમાં સમાવેશ કરી દેવામાં આવ્યો હતો. શહેરમાં છેલ્લા એક વર્ષથી તેની કામગીરી પણ ધમધમી રહી છે અમદાવાદથી ગિફ્ટ સિટી, અક્ષરધામ અને મહાત્મા મંદિર સહિતના

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના આવાસોમાં લાભાર્થીઓનો લાંબા સમયથી વસવાટ છતા દસ્તાવેજની પ્રક્રીયામાં ઉદાસીનતા

**આગામી બોર્ડ બેઠકમાં આ મામલે મહત્વનો નિર્ણય લેવાશે : આવાસ વેચાણ આપી દેવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. રાયસણ, ચિલોડા , અડાલજ , સરગાસણ કુડાસણ તેમજ વાવોલ સહીતના વિસ્તારમાં ગુડા દ્વારા અંદાજે ૫ હજાર આવાસો બાંધવામાં આવ્યા છે.જયારે આ આવાસોમાં લાભાર્થીઓના વસવાટ બાદ પણ હજુ સુધી દસ્તાવેજની પ્રક્રીયા પણ મોટાભાગના કિસ્સામાં થઈ નથી જયારે પાવર ઓફ એટર્નીના આધારે આવાસો વેચાણ આપી દેવામાં આવતા હોવાના કીસ્સા પણ ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં આગામી તા ૧૫ જુનના રોજ ગુડાની બોર્ડ બેઠકમાં આ મામલે મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની આગામી તા ૧૫ જુનના રોજ બોર્ડ બેઠક યોજાશે જયારે આ બોર્ડ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાશે. જેમાં આવાસ યોજના સંદર્ભે પણ દસ્તાવેજ કરવામાં નિરસતા દાખવતા લાભાર્થીઓને અનુલક્ષીન પણ મહત્વના નિર્ણય લેવાશે.આમ નાગરિકોને પોતાના ઘરનુ ઘર મળે તેવા આશયથી ગુડાના વિવિધ ટી પી વિસ્તારના પ્રાઈમ લોકેશન પર અંદાજિત ૫ હજારથી પણ વધુ આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. રાયસણ, ચિલોડા, અડાલજ, સરગાસણ, કુડાસણ, પેથાપુર અને વાવાલો સહીતના વિસ્તારમાં વિવિધ ટાઉન પ્લાનીંગ એરિયામાં જુદી જુદી કક્ષાના આવાસો તૈયાર કરાયા છે. જયારે આ આવાસોના ડ્રો કરી ફાળવી પણ દેવાયા છે.

જયારે આવાસની ફાળવણી બાદ લાભાર્થીઓ દ્વારા તુરંત જ આવાસ ભાડે આપી દેવામાં આવતા હોવાની ફરિયાદો પણ વધુ છે. જયારે આવાસો ભાડે આપવાના મામલે અગાઉ અનેકવાર સ્થળ તપાસના અંતે દંડ વસુલી પણ કરવામાં આવી છે. જયારે તપાસના અંતે નોટીસ પણ આપવામાં આવ્યા બાદ પણ આ સ્થિતિમાં કોઈ સુધાર આવ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જ્ઞાન સાધના સ્કોલરશીપ સ્પર્ધાત્મક પરીક્ષા સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે જ્ઞાન સાધના સ્કોલરશીપ માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. જિલ્લાના ૩૭ કેન્દ્રોના ૩૪૮ બ્લોક્સમાં આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં આ પરીક્ષાનું આયોજન કરાયુ હતુ.

જ્ઞાન સાધના સ્કોલરશીપ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવ્યુ હતુ. સવારે ૧૧ થી ૧.૩૦ એમ દોઢ કલાકના સમયગાળામાં આ પરીક્ષાનું આયોજન કરાયુ હતુ.

રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. જિલ્લામાં આ પરીક્ષા માટે ૧૦,૨૮૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ પરીક્ષા માટે તંત્ર દ્વારા વિવિધ અધિકારીઓને પણ જવાબદારી સફળ સંચાલન માટે સોંપી હતી.

આ પરીક્ષામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

**ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનો બીજો દિવસ**

# માયાભાઈ આહીરે હસતાં હસાવતાં જીવનના મર્મ જેવી વાતો કરીને મોજ કરાવી

**ચિત્રકાર એક રંગમાંથી બીજો રંગ લેતાં પહેલા પીંછી ધોવે છે એમ દીકરી સાસરે જતાં આંસુઓથી બાપના ઘરની યાદો ધુવે છે**





ગાંધીનગર આખા ગુજરાતનું હૃદય છે. જેમ હૃદયમાંથી લોહી આખા શરીરમાં પહોંચે છે એમ ગાંધીનગરથી નિર્ણયો અને લાભો આખા ગુજરાતના લોકો સુધી પહોંચે છે.

કન્યાવિદાય વખતે દીકરી શા માટે રડે છે..? આમ તો એને પોતાના સાજન સાથે જવાનું હોય છે, છતાં શા માટે રડે છે? જેમ ચિત્રકાર ચિત્રમાં રંગ પૂરતી વખતે એક રંગ કર્યા પછી બીજો રંગ કરતાં પહેલાં પોતાની પીંછી પાણીમાં ઝબોડીને સરખી સાફ કરે છે, એમ દીકરી પણ પોતાના આંસુઓથી પોતાનું હૃદય અને મન ધોઈ નાખે છે એ ક્યારેય જતા નથી.

માણસનું જીવન હાલરડાં થી હાય-હાય કરતા મરશિયા સુધીનું છે. દરેક ડગલે અને પગલે આપણા જીવનમાં સંગીત છે, ગીત છે. આમ જોવા જઈએ તો આપણું જીવન ગળથૂથીથી ગંગાજળ સુધીનું છે. ફોઈ પીપળ પાન મૂકીને નામ પાડે છે, એટલે આપણું જીવન પીપળપાનથી લઈને તુલસીના પાન સુધીનું છે.

શ્રી માયાભાઈ આહીર દર નવરાત્રીમાં મૌન રાખે છે. આ દિવસો દરમિયાન એ ક્યાંય કાર્યક્રમમાં નથી કરતા, એટલું જ નહીં ઘરમાં પણ

**ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના બીજા દિવસે ગુજરાતના જાણીતા લોકકલાકાર શ્રી માયાભાઇ આહીરે હસતાં હસાવતાં જીવનને સમૃદ્ધ બનાવવા શાસ્ત્રોના મર્મ અને અર્ક જેવી વાતો કરીને ગાંધીનગરાઓને રસ તરબોળ કર્યા હતા**

અને પોતાના પિતૃગૃહના સ્મરણો સાફ કરીને આવતીકાલથી નવા ઘરમાં, નવા લોકો સાથે, જીવનમાં નવો રંગ પુરવાનો છે એટલા માટે એ રડીને પોતાના વ્યક્તિત્વની પીંછી ધોઈ નાખે છે.

આંગળીના ટેરવાં સૌથી વધુ અગત્યના છે. એક કલાકાર માટે, એક ડોક્ટર માટે, ગૃહિણી માટે કે કોઈ પણ વ્યક્તિ માટે આંગળીના ટેરવાં સૌથી વધુ મહત્વના છે. આંગળીના ટેરવાં જ વ્યક્તિત્વની સાચી ઓળખ છે.

ધર્મ અને ધર્મગ્રંથો વિશ્વાસ અને ભરોસો આપે છે. એ તમને શંકા, અવિશ્વાસ અને વહેમથી દૂર રાખે છે. શાસ્ત્રોનો ભરોસો રાખજો. જે ઘરમાં શાસ્ત્ર હશે ત્યાં શંકા અને અવિશ્વાસ ક્યારેય નહીં હોય.

માણસ ખુલ્લા દિલથી હસતો હોવો જોઈએ. જે માણસ ખુલ્લા દિલે હસી ના શકે એને ક્યારેય મિત્ર ન બનાવતા. જે વ્યક્તિ ખુલ્લા દિલે હસી ન શકે એની પડોશમાં ન રહેતા. અડધી કિંમતે ઘર વેચીને પણ વયા જાજો. જે માણસ ખુલ્લા દિલથી હસી ના શકે એને પાર્ટનર તો ક્યારેય ન બનાવતા. કેટલાક માણસો સતત ક્રોધ અને ઈર્ષા કર્યા કરતા હોય છે? ક્રોધ, ઈર્ષા અને વિરોધ કંપની ફિટિંગ છે, નથી બોલતા. સતત માતાજીની આરાધના, પૂજાપાઠ અને હોમ-હવનમાં દિવસો વિતાવે છે. લોકો ત્યારે પૂછે કે, મૌન એટલે શું? તો મૌન એટલે ગમે તેવા વિચારોની પાછળ ન જવું. પોતાના વિચારોને અંકુશમાં રાખવા એ જ સાચું મૌન.

યુવાનોને દારૂ અને ડ્રગ્સ ના દૂષણથી દૂર રહેવાનો સતત આગ્રહ શ્રી માયાભાઈ આહીરે કર્યો. તેમણે કહ્યું કે, સારા કામો કરો. વડીલોનું સન્માન જાળવો. મા-બાપે તમારા માટે જે કાંઈ કર્યું છે એનો ક્યારેય કોઈ સંતાન બદલો વાળી શકે તેમ નથી. એટલે મા-બાપનું સન્માન કરો, અને વ્યસનોથી દૂર રહો. સોશિયલ મીડિયા અને યુ-ટ્યૂબ ઉપર અત્યંત લોકપ્રિય છે માયાભાઈ આહીર. તેમના વિડિયો અને રીલ્સ સતત જોવાતા હોય છે. આ વિશે તેમણે કહ્યું કે, અમે તો મરી જાશું તો યુ-ટ્યૂબમાં રહીશું, જો નશો કરશો તો તમે માત્ર ટાયર-ટ્યુબમાં રહી જશો, એટલે કે અકસ્માત કે આકસ્મિક મૃત્યુની સંભાવના રહે છે...

ગાંધીનગરના સુજ્ઞ પ્રેક્ષકોએ અંતરના ઉમળકાથી શ્રી માયાભાઈ આહીરની વાતોને વધાવી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com